
પ્રકરણ 3

0335CH03

# ઉત્સવની ઉજવણી



## ફૂલોનો ઉત્સવ



© NCERT not to be republished

મારું નામ રિશી છે.

હું જમ્મુથી છું. હું મારા માતાપિતા સાથે હિમાલયની યાત્રા કરી રહ્યો છું. અમે મારા મામા (માતાના ભાઈ), મામી ( મામાની પત્ની) અને મારા પિતરાઈ બહેનો, ચિયા અને નોનિકાને મળવા જઈ રહ્યા છીએ. તેઓ પર્વતોની નજીક એક નાના ગામમાં રહે છે. અમે બસમાં મુસાફરી કરી રહ્યા છીએ. હું બસની સવારીનો આનંદ માણી રહ્યો છું, બારીની બહારનું દૃશ્ય સુંદર છે. રસ્તાઓ પર તીવ્ર વળાંક છે અને ટેકરીઓ રંગબેરંગી ફૂલોથી ઢંકાયેલી છે. દૂર-દૂર, હું વિવિધ ઊંચા વૃક્ષો પણ જોઈ શકું છું.




## ચર્ચા કરો

- શું તમે ક્યારેય બસમાં મુસાફરી કરી છે? જો હા, તો તમારા વર્ગના મિત્રોને તમારો અનુભવ કહો
- તમે તમારી સફર દરમિયાન કયા પ્રકારનાં વૃક્ષો અને ફૂલો જોયાં છે?
- મુસાફરી કરતી વખતે તમારે સલામતીનાં કયા પગલાં લેવાં જોઈએ?
- સાઈકલ ચલાવતી વખતે અને રસ્તા પર ચાલતી વખતે તમારે સલામતીનાં કયા પગલાં લેવાં જોઈએ??

© NCERT not to be republished

## પ્રવૃત્તિ ૪

કૉલમ `અ` માં આપેલા ચિહ્નો(સાઈનબોર્ડ્સ)ને કૉલમ `બ` માં આપેલા તેમના અર્થો સાથે જોડો.

**કૉલમ અ**




**કૉલમ બ**

- પાર્કિંગ કરવું નહીં
- હોર્ન મારવો નહીં
- ઝડપ ન કરવી
- યુ-ટર્ન લેવો નહીં
- ખોદકામ ચાલુ
- નજીકમાં શાળા છે

## દોરો

તમે રસ્તા પર ઘણા ચિહ્નો(સાઈનબોર્ડ્સ) જોયા હશે. કોઈપણ ત્રણ રોડ ચિહ્નો(સાઇનબોર્ડ્સ) કે જે ઉપર આપેલા નથી તે દોરો અને તેના નામ લખો.


© NCERT not to be republished




થોડીવાર પછી અમે મારા મામા અને મામીના ગામ પાસેના બસ સ્ટોપ પર પહોંચ્યાં. અમે નીચે ઊતર્યા. મામાજી અમને લેવા માટે ત્યાં આવેલા હતા. અમે કાંકરેટના પહોળા રસ્તા પર ચાલવાનું શરૂ કર્યું અને આગળ જતાં સાંકડા કાદવવાળા રસ્તો, અને ત્યાંથી થોડે જ દૂરમામાનું ઘર આવ્યું.

જેવા અમે મુખ્ય દરવાજામાં પ્રવેશ્યા, હું તેમના બગીચામાં આવેલી રંગબેરંગી ફૂલોની હાર(લાઈન) જોઈ શક્યો. હું તેમાંના કેટલાક ફૂલોને ઓળખી શકતો હતો અને તેના નામ આપી શકતો હતો જેમ કે ગુલાબ, ગલગોટો અને જાસુદ. જો કે, હું ફૂલોની સુંદરતાથી દંગ રહી ગયો જે મેં પહેલાં જોયેલી સુંદરતાથી જુદી જ હતી.

"મહેરબાની કરીને તમે મને આ ફૂલોનાં નામ કહી શકશો?" મેં નોનિકાને પૂછ્યું.



© NCERT not to be republished



ફૂલ તરફ ઇશારો કરતા, નોનિકાએ કહ્યું, "આ ફૂલ ટ્યૂલિપ છે.


ત્યારબાદ મામીએ બાળકોને બપોરના ભોજન માટે બોલાવ્યા.

બધાએ ગરમ ભાત સાથે કાશ્મીરી વાનગી`હાખ' (એક પ્રકારનું પાંદડાવાળું શાક) ખાધું. તે ખરેખર સ્વાદિષ્ટ હતું!

"શું તમે જાણો છો કે દર વર્ષે આ સમયમાં અમે કાશ્મીર ટ્યૂલિપ ફેસ્ટિવલનું આયોજન કરીએ છીએ?" નોનિકાએ બપોરે ભોજન લેતા કહ્યું.

"અમારી પાસે પણ સુંદર લાલ ફૂલો છે, જે અમારા ઘરે વસંત ઋતુમાં ખીલે છે. તેમને બુરાંશ (રોડોડેન્ડ્રોન) કહેવામાં આવે છે."મેં કહ્યું.

મેં, ચિયા અને નોનિકાને વસંત ઉત્સવ વિશે કહ્યું જે અમે અમારા ત્યાં ઉજવીએ છીએ. મેં તેમને જણાવ્યું કે અમે કેવી રીતે `રાઈ અને બુરાંશને અમારા પડોશના દરેક ઘરના દરવાજે નીચે મૂકીએ છીએ, વડીલો અમને આશીર્વાદ આપે છે અને ચોક્લેટ અને મીઠાઈઓ પણ આપે છે.ચ ચિયાએ ઉત્સાહથી કહ્યું, "કેરળનો મારો મિત્ર ઉન્ની, ` આ સમયે વિશુ



© NCERT not to be republished

નામનો એક તહેવાર ઉજવે છે. તેઓ વિશુ કાની* બનાવવા માટે ઘણા બધા ગરમાળાના પીળા ફૂલો, ફળો અને શાકભાજીનો ઉપયોગ કરે છે.



મામીએ અમારી સાથે જોડાઈને કહ્યું, "વસંત એ કુદરતની ઉજવણી છે. કડકડતી ઠંડી પછી, સૂર્ય તેજોમય થાય છે અને આપણે આપણી આસપાસ ફૂલો ખીલતા જોઈએ છીએ, ઘાસ ઉગતા જોઈએ છીએ અને વૃક્ષોમાં નવા પાંદડા




જોઈએ છીએ.

જ્યારે હું મારી આસપાસના સુંદર અને રંગબેરંગી ફૂલો જોઉં છું ત્યારે મને કેટલો આનંદ થાય છે. તે વિશે મેં, મામી ,ચિયા અને નોનીકાને કહ્યું.

થોડા દિવસ પછી અમે ઘરે પાછા ફર્યા. તે એક અદ્ભુત વેકેશન હતું અને પરિવાર સાથે મુલાકાત હતી!

---

**વિશુ કાની 'મલયાલી નવા વર્ષ'ના પ્રથમ દિવસે મનાવવામાં આવતી શુભ વિધિ છે. સૂર્યોદય સમયે શુભ વસ્તુઓનું દર્શન એ આગળનું વર્ષ ફળદાયી અને સમૃદ્ધતા લાવવાનું માનવામાં આવે છે.**






© NCERT not to be republished

## પ્રવૃત્તિ ૪

### ગાઓ અને આનંદ કરો!





અરે! હવામાં વસંત છે
સુખી બાળકો બધે છે,
વૃક્ષો પર નવાં પાંદડાં દેખાય છે,
ફૂલો પવનની લહેરખીમાં ઝૂલતાં હોય છે.

આકાશમાં સૂર્ય તેજોમય છે,
ખિસકોલી અને પક્ષીઓ આનંદ વહેંચે છે,
વસંત અહીં છે, ચાલો નૃત્ય કરીએ અને ગાઈએ,
આશા છે કે તે જે લાવશે તે બધાને ખુશ કરશે.




## લખો

1. નીચે આપેલી દરેક ઋતુ માટે તમારા વિસ્તારમાં ઉજવાતા તહેવારોનાં નામ, તમારા વડીલોને પૂછો.

2. આ તહેવારો દરમિયાન તૈયાર કરવામાં આવતા ખાસ ભોજનની યાદી બનાવો.

| ઋતુઓ | તહેવારો | ખાસ તૈયાર કરાતો ખોરાક |
|---|---|---|
| વસંત | | |
| ઉનાળો | | |
| ચોમાસું | | |
| શિયાળો | | |



© NCERT not to be republished

3. તહેવારો દરમિયાન તમે કયા ખાસ વસ્ત્રો પહેરો છો?








______________________________________________ ____

__________________________________________


## પ્રવૃત્તિ ૪

નીચે આપેલી યાદીમાંથી તહેવાર સાથે ભોજનનું નામ જોડો.

બિહુ   છઠ પૂજા   નાતાલ   ઈદ-ઉલ-ફિત્ર   હોળી `
ઓણમ `ઉગાડી

| તહેવાર દરમિયાન તૈયાર કરાતો ખોરાક | | તહેવારનું નામ |
|---|---|---|
|  | થેકુઆ | છઠ પૂજા____________ |
|  | પીઠા | ____________ |
|  | પ્લમ કેક | ____________ |
|  | ઘૂઘરા | ____________ |
|  | સાધ્યા | ____________ |
|  | પૂરણપોળી | ____________ |
|  | સેવૈયાં | |

© NCERT not to be republished






- શું તમને લાગે છે કે દરેક જણ વિવિધ પ્રકારના વિશેષ ખોરાક અને નવા કપડાં સાથે તહેવારોની ઉજવણી કરે છે?
- તમે જ્યાં રહો છો તેની નજીકમાં કોઈ પર્વતો, નદીઓ અથવા ઝરણાં છે? શું તમે ક્યારેય દૂરના સ્થળે સંબંધીઓને મળ્યા છો? ત્યાં કેવું લાગે છે?

## ચાલો આપણે ચિંતન કરીએ

### અ . ચર્ચા કરો

1. મુસાફરી દરમિયાન ઉપયોગમાં લેવાતા પરિવહનના વિવિધ માધ્યમો કયા છે?
2. મુસાફરી દરમિયાન કોઈ વ્યક્તિ કેવી રીતે સુરક્ષિત રહી શકે?
3. તહેવારોમાં કઈ ખાસ વાનગીઓ બનાવવામાં આવે છે?
4. તહેવારો અને ઉજવણીઓ આપણને કેવી રીતે એકસાથે જોડે છે?
5. શું તમે પ્રકૃતિમાં સમય પસાર કરવામાં આનંદ અનુભવો છો? કુદરતની કઈ વસ્તુ/બાબત તમને આનંદનો અહેસાસ કરાવે છે?

### બ. લખો

1. તમે તાજેતરમાં મુલાકાત લીધેલાં કોઈ પણ બે સગાંસંબંધીઓનાં નામ આપો..
2. તમે તમારા પિતરાઈ ભાઈ-બહેનો અને સગાંસંબંધીઓ સાથે સમય, કેવી રીતે વિતાવો છો?

### ખાલી જગ્યા પૂરો

1. ચિયા અને નોનિકા ______________ પાસેના એક નાનકડા ગામમાં રહે છે ..
2. બસ ______________ રસ્તાઓ પરથી ગઈ હતી, જ્યાં ટેકરીઓ રંગબેરંગી ફૂલોથી ઢંકાયેલી હતી.
3. રિશી અને તેનો પરિવાર સાંકડા ______________ રસ્તે થઈને મામાના ઘરે ગયા હતા..
4. વસંત ઋતુમાં જે લાલ ફૂલો ખીલે છે તેને ______________ કહેવામાં આવે છે

© NCERT not to be republished



5. ______________ એક પ્રકારનું પાંદડાવાળું શાક છે જેને ગરમ ભાત સાથે ખાવામાં આવે છે.

### ક. દોરો

એક ચાર્ટ પેપર લો અને નીચે આપેલા શબ્દોને ચિન્હ રૂપે દર્શાવતા સાઇનબોર્ડ્સ દોરો. સાઇન બોર્ડ્સ બનાવવા માટે તમે તમારી પસંદગીની કોઈપણ છબી અને રંગનો ઉપયોગ કરી શકો છો. તમે શું બનાવ્યું છે તે સમજાવો.

- શાળાનું ગ્રંથાલય
- શૌચાલય
- પ્રાર્થનાસભા
- પીવાનું પાણી
- મેદાન મારો
- વર્ગખંડ
- સીડી

### આનંદ કરો!

© NCERT not to be republished



### ?શું તમે જાણો છો

વિશ્વના સૌથી જાજરમાન પર્વતો ભારતના ઉત્તરીય વિસ્તારોમાં આવેલા છે અને તેને હિમાલય (એટલે કે 'બરફનું ઘર') તરીકે ઓળખવામાં આવે છે. વિશ્વનું સૌથી ઊંચું પર્વત શિખર માઉન્ટ એવરેસ્ટ છે અને તે આપણા પડોશી દેશ નેપાળમાં આવેલું છે. માઉન્ટ એવરેસ્ટની ઊંચાઈ લગભગ ૮૮૪૮ મીટર છે!



?શું તમે જાણો છો

## સરહુલ: વસંત ઉત્સવ

ઝારખંડમાં પણ વર્ષની વસંત ઋતુમાં સરહુલ તહેવાર ઉજવવામાં આવે છે. લોકો તેમના પરંપરાગત વસ્ત્રો પહેરે છે અને સાલ (સખુઆ) વૃક્ષ તરફ સરઘસમાં ચાલે છે. તેઓ તાજા અંકુરિત અનાજ અને સાલના ફૂલો લઈ જાય છે. પૃથ્વી અને સૂર્યને આદર અને કૃતજ્ઞતા સાથે અર્પણ કરવામાં આવે છે. તેઓ ઢોલ (ઢોલ, નગારા વગેરે) અને અન્ય સ્થાનિક સંગીતનાં સાધનોના તાલે સાથે મળીને ગાઈને અને નૃત્ય કરીને સરહુલની ઉજવણી કરે છે.



© NCERT not to be republished